**કૃપાકરી પ્રસિદ્ધી માટે** **૮ ઑગષ્ટ ૨૦૧૩**

## માછિમારોના પ્રશ્ને કૃષીપ્રધાન શરદ પવાર ધ્યાન આપશે : રામ નાઈક

**મુંબઈ,ગુરૂવાર :** "માછિમારોને નકારવામાં આવેલ ડિઝલ પર લિટર દીઠ રૂ. ત્રણની સબસીડી (રાહત) શરૂ કરવાની અને તેમજ ખેડૂતો ની જેમ જ માછિમારોને પણ ચાર ટકા વ્યાજે લોન આપવાની અને દરિયામાંના આર્થિક ક્ષેત્રના કયદો અને વ્યવસ્થા રાખવા માટે યોગ્ય તે નવો કાયદો કરવાનો પ્રયત્ન કરવામાં આવશે" તેવું આશ્વાસન કૃષીપ્રધાન શ્રી શરદ પવારે ભારતીય જનતા પક્ષના નેતા શ્રી રામ નાઈકને દિલ્લી ખાતે તયેલ ચર્ચા સમયે આપ્યું છે. આ મુજબની માહિતી શ્રી રામ નાઇકના જનસંપર્ક કાર્યાલયમાંથી બહાર પડાયેલ અખબારી યાદીમાં આપેલ છે.

ચર્ચા બાબતે વધુ માહિતી આપતાં શ્રી રામ નાઈકે કહ્યું હતું કે, "માછિમારોની ઉપલિખિત માગણીઓ બાબતે માછિમારોના વારંવાર આંદોલનો થયા છે તેમજ ચર્ચાઓ પણ થઈ પરંતુ તેને નિવેડો આવ્યો નહીં. માછિમારોને ડિઝલનો સબસીડી દર વાજપેયી સરકારના સમયમાં લિટરદીઠ ૩૫ પૈસા પરથી રૂ. દોઢ કરવામાં આવ્યો હતો. ડિઝલના વધેલા ભાવ ને કારણે સબસીડી રૂ. ચાર કરવાની માગણી હતી, તે બાબત ને પ્રતિસાદ સ્વરૂપે રૂ.ત્રણ ની સબસીડી આપવાનો નિર્ણય મનમોહન સિંહ સરકારે કર્યો પરંતુ તેમાં આ સબસીડી ગરીબી રેખા તળે આવનારા માછિમારો ને જ આપવામાં આવશે તેવી શરત મૂકવામાં આવી હતી. માછિમારોની યાંત્રિક બોટની કિમત રૂ. ૧૦-૧૫ લાખ હોય છે તેથી બોટનો માલિક ગરીબીરેખા તળે આવી જ ન શકે. પરિણામે પાછલાં ત્રણ વર્ષમાં એક પણ માછિમારને સબસીડી મળી ના શકી. ચર્ચા સમયે હાજર કૃષીમંત્રાલયના સંયુકત સચિવ શ્રી રાજશેખરે આ માન્ય કરેલું છે. તેથી સબસીડી ની શરત ના નિયમો બદલવામાં આવશે તેવું આશ્વાસન કૃષીપ્રધાને આપ્યું છે."

"ખેડુતોને ખેતી માટે ચાર ટકા વ્યાજે લોન અપાય છે. માછિમારી એ દરિયામાં ની ખેતી મનાય છે.તેથી માછિમારો ને પણ આ સગવડ નો લાભ મળવો જોઈએ. માગણીને અનુસરીને પૂર્વે ચર્ચા થઈ હતી. પરંતુ હાલ સૂધી નિર્ણય લેવાયો નથી, આ બાબતે કૃષીપ્રધાનનું ધ્યાન દોરવામાં આવતા તેમણે અગ્રક્રમે અર્થમંત્રી સાથે ચર્ચા કરી સવલત આપવામાં આવશે તેવું આશ્વાસન આપ્યું છે", એમ પણ શ્રી રામ નાઈકે કહ્યું હતું.

"આ સિવાય બાર દરિયાઈ માઈલના પાર દરિયામાં વિશેષ આર્થિક ક્ષેત્ર - એકસલુઝિવ ઈકૉનૉમિક ઝોન (ઈઈઝેડ) માં ઉભા થતા કાયદો અને વ્યવસ્થાના ગંભીર પ્રશ્નો ઉકેલવા માટે કાયદો ઘડવામાં આવે તેવી પણ માગણી કરવામાં આવી હતી. આ પ્રકરણે ૧૭ માર્ચ ૨૦૦૯ ના આવો કાયદો ઘડવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે તેવું કૃષીમંત્રાલયે કહ્યું હોવાના ચાર વર્ષના વહાણાં વહી ગયા હોવા છતાંયે કાયદો બન્યો નથી, તે પણ કૃષીપ્રધાન શ્રી શરદ પવાર ના ધ્યાન માં આ વખતે લાવવામાં આવ્યું હતું. કાયદો ઘડવાનું કામ વિધી મંત્રાલય નું છે. છતાંયે, વિધી પ્રધાન કપિલ સિબ્બલ ને કહી તે પ્રક્રિયા ને ગતી આપવાનો પ્રયત્ન હું કરીશ તેવું પણ આશ્વાસન શ્રી શરદ પવારે આપેલ છે." આ મુજબની માહિતી શ્રી રામ નાઈકે અખબારી યાદી ના અંતે આપેલ છે.

**( કાર્યાલય સચિવ )**